રજુ તારીખ	૧૨/૧૦/૨૦૦૭
દાખલ તારીખ	૧૨/૧૦/૨૦૦૭
ફેંસલ તારીખ	૩૦/૦૩/૨૦૨૬
સમયગાળો	વર્ષ:૧૮ માસ:૦૫ દિન:૧૮

શ્રી કે.જી.પટેલ, ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ, સુરત સમક્ષ.

પે.વે. અરજી નં.૫૮૩/૨૦૦૭

આંક–૭૪

અરજદાર : શ્રી દિપક કે. પીપરોડીયા તે પરિશિષ્ટ મુજબના
તમામ કામદારોના પ્રતિનિધિ તરીકે
C/O સુરત સિલ્ક લેબર યુનિયન, રજી. નં.૧૧૭૭
ઠે. ૧૧૧, ડૉ. આંબેડકર કોમર્શીયલ સેન્ટર,
માનદરવાજા, રીંગરોડ, સુરત–૩૯૫૦૦૨.

// વિરુધ્ધ //

સામાવાળા : કાશી સીલ્ક મીલ્સ
ઠે.અશ્વનીકુમાર રોડ, પો.પટેલનગર, વિશામાની સામે,
ભાવની સર્કલ પાસે, સુરત.

વિષય :– પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ મુજબની અરજી.

પ્રતિનિધિત્વ :

અરજદાર તરફે : યુનિયન પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડીયા.

સામાવાળા તરફે : વિ.વ.શ્રી એન. બી. શાહ.

–:: હુકમ::–

(૧) આ કામના અરજદારોએ પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ અન્વયે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના હકોની બાકી લેણી રકમ વસુલ મેળવવા આંક–૧ થી અરજી કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, પરિશિષ્ટ–એ ના કામદારો અરજદાર યુનિયનના સભ્યો છે. આ પરિશિષ્ટના કામદારોનું અલગથી આ અરજી સાથે પરિશિષ્ટ જોડેલ છે. આ કામદારોએ

અરજદાર યુનિયનને તથા યુનિયનના હોદ્દેદારોને આ અરજી ચલાવવાની તથા આ કેસ કરવાની તથા આ કેસમાં સંપૂર્ણપણે દરમ્યાનગીરી કરવા તથા કેસની તમામ કાર્યવાહી કરવા તથા તમામ સત્તાઓ આપેલ છે. આ સાથે અલગથી આ કામમાં અધિકારપત્ર રજુ કરેલ છે, જેથી પરિશિષ્ટના કામદારો વતી આ કેસ યુનિયન પ્રતિનિધિએ દાખલ કરેલ છે.

અરજદારે તેમની આ અરજીમાં વધુમાં જણાવેલ છે, પરિશિષ્ટ–એ મુજબના કામદારો સામાવાળાની સંસ્થામાં પરિશિષ્ટ મુજબના વર્ષો, હોદ્દા અને પગારથી નોકરી કરતા આવેલ અને સામાવાળા તથા પરિશિષ્ટ મુજબના કામદારો વચ્ચે માલિક–કામદારોનો સંબંધ છે અને સદર કામદારોને કામ બાબતે કયારેય કોઈ લેખિત યા મૌખિક ઠપકો કે ચેતવણી મળેલ નથી અને તે રીતે સદર કામદારોની નોકરી દરમિયાનની તમામ કામગીરી સંપુર્ણપણે નિષ્કલંક અને ડાઘરહિત છે. પરિશિષ્ટના કામદારોએ સામાવાળાની સંસ્થામાં નોકરીની શરૂઆતથી અંત સુધી સળંગ નોકરી કરેલ છે અને પ્રત્યેક વર્ષમાં ૩૦૦ દિવસ જેટલી નોકરીની ફરજ બજાવેલ છે.

સામાવાળાની ફેકટરીમાં પરિશિષ્ટ મુજબના કામદારોએ વારંવાર માંગણી કરવા છતાં કામદારોને નિમણુંક પત્ર, આઈ કાર્ડ, પગાર ચિઠ્ઠી, હકકરજા કાર્ડ, હાજરી કાર્ડ, ઓળખકાર્ડ વિગેરે સામાવાળા આપતા ન હતા તથા હકક રજા, બોનસ અનેદ અઠવાડિક રજા પણ આપતા ન હતા તથા પી.એફ. તથા ઈ.એસ.આઈ. કોર્પોરેશનના લાભો આપતા ન હતા તેમજ ભરપગારે આપવી જોઈતી હકકરજા, માંદગીની રજા, જાહેર તહેવારી રજા વગેરે આપવામાં આવતી ન હતા તેમજ તે રજાના નાણાં ભરપગારે ચુકવી આપવામાં આવતા ન હતા, જે તમામ મજુર કાયદા મુજબના હકકો તેમજ નાણાં કાયદેસર રીતે પરિશિષ્ટના કામદારોને ચુકવી આપવા સામાવાળા જવાબદાર થયેલ છે. તેમજ આ સામાવાળા પરિશિષ્ટના કામદારોની નોકરી દરમ્યાન દર દિવાળીના સમયે કોરા તથા છાપેલા કાગળ–વાઉચર પર સહી લેતા આવેલા જે બાબતનો વાંધો વિરોધ તથા નોકરી દરમ્યાન મજુર કાયદા મુજબના લાભોની માંગણી પરિશિષ્ટના કામદારો સામાવાળા શેઠશ્રી સમક્ષ અવરનવર કરતા પરંતુ સામાવાળા પરિશિષ્ટ મુજબના કામદારોને એવું જણાવાતા કે,''અમોને ત્યાં નોકરી કરવી હોય તો આ કાગળો પર સહી કરવી જ પડશે નહીં તો તમે બીજી સારી જગ્યાએ નોકરી

શોધી લો.'' અને સામાવાળા કામદાર પર કિન્નાખોરી રાખતા આવેલ તેમ છતાં પરિશિષ્ટના કામદારો સામાવાળાઓને ત્યાં નોકરી કરતા આવેલા.

સામાવાળાની ફેકટરીમાં કાપડ ઉપર પ્રિન્ટીંગ ડાઈંગ ટેક્ષટાઈલ્સ પ્રોસેસીંગ કરવાનો ઉદ્યોગ છે. સામાવાળા સંસ્થામાં આશરે ૩૫૦ કામદારો કામ કરતા આવેલ છે. સામાવાળાની સંસ્થામાં પરિશિષ્ટ મુજબના કામદારો કામ કરતા આવેલા. પરિશિષ્ટ મુજબના કામદારો પર કંટ્રોલીંગ કરવાનું તથા પરિશિષ્ટ મુજબના કામદારો ઉપર દેખરેખ રાખવાનું તથા માસિક પગાર આપવાનું કામ સામાવાળાના શેઠશ્રી બાબુભાઈ શંકરભાઈ પટેલ તથા શેઠશ્રી સુજેશકુમાર બાબુભાઈ પટેલ તથા શેઠશ્રી વસંતભાઈ વખારીયા તથા શેઠશ્રી શીવરામ કાકા કરતા આવેલા. આ સામાવાળા જે કામ, જેવુ કામ, જયારે કામ કરવાનું કહેતા તે પરિશિષ્ટના કામદારોને ફરજીયાત કરવુ પડતુ હતું. સામાવાળા પોતાના કારખાનામાં ગેરકાયદેસર રીતે લેબર કોન્ટ્રાકટ પ્રથા એ માટે અપનાવેલ છે, જેથી સામાવાળાએ પરિશિષ્ટના કામદારોને મજુર કાયદા જેવા કે પી.એફ., ઈ.એસ.આઈ. એકટ, બોનસ ધારો જેવા લાભો આપવા ન પડે. સામાવાળાની સંસ્થાને બી.આઈ.આર.એકટ, ફેકટરી એકટ, લઘુત્તમ વેતન ધારો, પેમેન્ટ ઓફ વેજીસ એકટ તથા અન્ય મજુર કાયદાઓ લાગુ પડે છે અને આ તમામ કાયદાઓની જોગવાઈઓનું પાલન કરવાની સામાવાળાની જવાબદારી તથા ફરજ છે છતાં તેનો અમલ સામાવાળા કરતા નથી અને કરતા ન હતા અને કાયદાઓનો ભંગ કરતા આવેલા છે.

પરિશિષ્ટ મુજબના તમામ કામદારો પાસે સામાવાળા અવારનવાર ધાક–ધમકીથી ગેરકાયદેસર રીતે તેમની ગરજાવ પરિસ્થિતિનો ગેરલાભ લઈ શોષણ કરતા આવેલા અને પરિશિષ્ટ મુજબના કામદારો તેનો વિરોધ કરતા આવેલ તથા સામાવાળા પરિશિષ્ટના કામદારોને કાયદેસર મુજબના હકકો અને લાભો જેવા કે નિમણુંકપત્ર, ઓળખકાર્ડ, હાજરીકાર્ડ, પગારચિઠ્ઠી, હકરજા કાર્ડ, હકરજા નાણાં, બોનસ નાણાં, ઓવરટાઈમના નાણાં, કેજયુઅલ રજા નાણાં, સીક રજા નાણાં, જાહેર તહેવારી રજા નાણાં જેવા નાણાં કીય લાભો તથા સગવડો આપતા ન હતા, તેથી પરિશિષ્ટ મુજબના કામદારોએ સામાવાળા પાસે ઉપરોકત હકકોના નાણાં અને લાભો મેળવવા માટે અવરનવર માંગણી કરેલી, પરંતુ

સામાવાળા એવું જણાવતા કે તમોને હકકો અને લાભો આપીશું આપીશું જેવું કહેતા અને કામદારોને ખોટા આશ્વાસનો આપતા આવેલા. પરંતુ પરિશિષ્ટના કામદારોને કોઈપણ પ્રકારના હકકો તથા સગવડો આજદિન સુધી આપેલ નથી અને છેવટે આ હકકો આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરે છે. જેથી પરિશિષ્ટના કામદારોએ યુનિયન મારફતે સદર હકકો અને લાભોની માંગણી સામાવાળા પાસે કરતા સામાવાળા પરિશિષ્ટના કામદારોને યુનિયન છોડી દેવા તેમજ ઉપરોકત તમામ માંગણીઓ ભુલી જવા ધમકીઓ આપતા આવેલા. પરંતુ પરિશિષ્ટના કામદારોએ યુનિયન છોડવાનો તેમજ માંગણીઓ ભુલી જવાનો સ્પષ્ટ ઈન્કાર કરતા.

અરજદારો સામાવાળાની ફેકટરીમાં પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની તારીખ અને પાળીએ નોકરીની ફરજ પર આવેલા અને તે રોજે ચાલુ કામે સામાવાળા શેઠશ્રી બાબુભાઈ શંકરભાઈ પટેલ તથા શેઠશ્રી સુજેશકુમાર બાબુભાઈ પટેલ પરિશિષ્ટના કામદારોને કોઈપણ જાતના વાંક કે ગુના વગર બચાવની તક આપ્યા વિના કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરી નોટીસ કે નોટીસ પગાર, છટણી વળતર, બોનસ, હકરજા તથા પરિશિષ્ટમાં જણાવેલ માસનો બાકી પગાર ચુકવ્યા વિના મૌખિક આદેશથી બી.આઈ.આર.એકટ તથા સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈનો ભંગ કરી તાત્કાલિક નોકરીમાંથી કાઢી મુકેલ અને નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરી ગુનાહિત કૃત્ય કરેલ અને ત્યારબાદ પરિશિષ્ટના કામદારો સામાવાળાની ફેકટરીમાં નોકરી પર જતા ત્યારે સામાવાળા નોકરી પર લેતા ન હતા અને થાય તે કરી લેવાની ધમકીઓ આપતા હતા જેથી સામાવાળાએ પરિશિષ્ટ મુજબના કામદારોને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી કાઢી મુકી બેકારીના ખપ્પરમાં હોમી દીધેલા છે.

સામાવાળાએ પરિશિષ્ટના મુજબના કામદારોને નોકરીમાંથી કાઢી મુકેલ છે અને માલ, મિલકત તથા મશીનરીઓ વેચી દેવાની પેરવી કરી રહયા છે. સામાવાળાની માલ–મિલકત તથા મશીનરીઓ જોવા, ખરીદવા માટે દલાલો તથા લેનારાઓ રોજ આવે છે, જે હાલ પણ ચાલુ છે. પરિશિષ્ટ મુજબના કામદારોને ગેરકાયદેસર નોકરીમાંથી કાઢી મુકી કોઈપણ જાતનું વળતર ચુકવ્યા વગર પરિશિષ્ટ મુજબના કામદારોની નોકરીના કાયદેસર નીકળતા હકકો તથા નાણાં ડુબાડવાના બદઆશયથી સામાવાળા ફેકટરી વેચી દેવાના છે

જેથી હાલની અરજી દાખલ કરવાની અરજ પડેલ છે. બી.આઈ.આર.એકટ હેઠળ અલગ માંગણીઓ સંબંધી કાર્યવાહીઓ પરિશિષ્ટના કામદારોએ શરૂ કરી છે. સામાવાળા પોતે પોતાના કારખાનાની સ્થાવર, જંગમ માલ–મિલકત તથા મશીનરીઓ વેચી દેવાની પેરવી કરી રહયા હોય અને મશીનરીઓ માટે તથા જમીન માટે તથા બિલ્ડીંગ સ્ટ્રકચર માટે બહારથી દલાલો આવતા હતા અને હાલ પણ આવે છે અને ભાવતાલો નકકી કરે છે એવી અરજદારને માહીતી મળેલ છે અને તમામ માલ–મિલકત વેચી વિદેશ ચાલ્યા જવાના હોય જેથી જાણકાર વ્યકિતઓ ધ્વારા માહિતી મળેલ હોય જેથી અરજદારે સદર અરજી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે અને સામાવાળાએ આ કારખાનાની સ્થાવર અને જંગમ માલ, મિલકત, મશીનરી તથા જમીન ત્રાહિત વ્યકિતને વેચી દેવાની પેરવી કરી રહયા છે અને સામાવાળાએ મોટી રકમ બાના પેટે મેળવેલ છે. સામાવાળા કારખાનાની તમામ મશીનરીઓ કાઢવાની પેરવીમાં છે તથા જમીન બીજી વ્યકિતને વેચી દેવાની પરેવી કરી રહયા છે, જે પગલું સામાવાળાનું ગેરકાયદેસરવાળુ, ગેરવ્યાજબી, અન્યાયી, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનુ છે. સામાવાળાની સંસ્થાને મોડેલ સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈઓ પણ લાગુ પડે છે. છતાં સામાવાળાએ આ જોગવાઈઓનો અમલ કરેલ નથી. પરિશિષ્ટના કામદારોને પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની તારીખથી નોકરીમાંથી વગર વાંકે, વગર નોટીસ, મૌખિક હુકમથી ગેરકાયદેસર કાઢી મુકેલ છે, જેથી સામાવાળાનું આવું પગલું પ્રથમદર્શને ગેરકાયદેસર છે.

સામાવાળાએ પરિશિષ્ટના કામદારો પાસે દરરોજના નોકરીના કલાક ઉપરાંત ચાર કલાકના વધારાના ઓવરટાઈમના કામ ફરજીયાતપણે નોકરી કરાવતા આવેલા. પરંતુ વધારાના ચાર કલાકના ઓવરટાઈમ કામના ડબલ ગણી પગાર સામાવાળા પરિશિષ્ટ મુજબના કામદારોને ચુકવતા ન હતા, જે રકમ લેવા કામદારો પરિશિષ્ટ મુજબના કાયદેસર હકદાર છે પરંતુ આ નાણાં સામાવાળા ચુકવવા સ્પષ્ટપણે ઈન્કાર કરે છે.

સામાવાળા પાસેથી પરિશિષ્ટ મુજબના કામદારોના બાકી નીકળતા લેણાંની રકમ વિગેરે જેવી કે નોકરીમાંથી કાઢી મુકયા તારીખ સુધીનો બાકી પગાર, હકરજાના નાણાં, બોનસ નાણાં, કેજયુઅલ રજા નાણાં, સીકરજા નાણાં, જાહેર તહેવારી રજાના નાણાં,

ઓવરટાઈમના નાણાં વિગેરે પરિશિષ્ટમાં જણાવેલ તમામ નાણાં પરિશિષ્ટ મુજબના કામદારો સામાવાળા પાસે કાયદેસર લેવા હકકદાર છે, જેની અવર નવર માંગણી કરવા છતાં સામાવાળાએ આજદિન સુધી ચુકવી આપેલ નથી, જે મેળવવા માટે માંગણી ફેકટરી ધારાની કાયદેસરની જોગવાઈઓ ઉપર આધારીત છે જે આ કેસની હકીકતોને પુરેપુરી લાગુ પડે છે. તેમ જણાવી અરજદારની ''પરિશિષ્ટ–એ'' માં જણાવ્યા મુજબની લેણી રકમ રૂા.૬૨,૬૧,૪૬૦/–(અંકે રૂપિયા બાસઠ લાખ એકસઠ હજાર ચારસો સાંઈઠ પુરા) આ કામના સામાવાળા ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તેમજ ''પરિશિષ્ટ–એ'' મુજબની લેણી રકમ રૂા.૬૨,૬૧,૪૬૦/– સામાવાળાઓએ ગેરકાયદેસર રીતે રોકી રાખેલ હોય તેની દસ ગણી રકમ રૂા.૬,૨૬,૧૪,૬૦૦/– (અંકે રૂપિયા છ કરોડ છવ્વીસ લાખ ચૌદ હજાર છસો પુરા) વળતર સાથે ચુકવી આપવા સામાવાળાને હુકમ ફરમાવવા તેમજ આ અરજીનો તમામ ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા દાદ માંગેલ છે.

(૨) આ કામે સામાવાળા તરફે આંક–૨૬ થી લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદારોની અરજી ખરી નથી, કાયદેસરની નથી અને તેમાં જણાવેલ ઈબારતો સામાવાળાને કબુલ મંજુર નથી. અરજદાર કામદારો સામાવાળાના કામદાર જ ન હોય કે તેમણે સામાવાળાને ત્યાં કામ કરેલ ન હોય તેમનો સામાવાળા સાથે માલીક કે કામદાર તરીકેનો સંબંધ અસ્તિત્વમાં ન હતો માટે તેમને સામાવાળા સામે આવા પ્રકારની અરજી કરવા કોઈ કારણ ઉત્પન્ન થયુ ન હોય અરજી કોઝ ઓફ એકશન વગરની હોય આ અરજી કાયદેસર ચાલી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. અરજદારોની અરજીને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીસના નિયમનો બાધ નડતો હોય આ અરજી કાયદેસર રીતે ચાલી શકતી નથી. આ કામના કહેવાતા અરજદારોએ પેમેન્ટ ઓફ વેજીસ એકટના ગુજરાત રૂલ્સ ૨૨(૨) પ્રમાણે તેમણે જે કાંઈ રકમ માંગેલ છે તેના એડવોલરમ બોમ્બે કોર્ટ ફી એકટ પ્રમાણે ફી ભરીને અરજી કરવી જોઈએ અગરતો સ્ટેમ્પ પેપર પર અરજી કરવી જોઈએ અને તે પ્રમાણે આ અરજી કરવામાં આવી નથી કે કોર્ટ ફી માફી મેળવવા માટે પણ અરજી આપવામાં આવી નથી એટલે કહેવાતા અરજદારોને આવા પ્રકારની અરજી કરવા એટલે કે કોર્ટ ફી ભર્યા વગરની અરજી ચાલી શકતી નહોય એટલે કે નામદાર કોર્ટને પણ કોર્ટ ફી ભર્યા વગર અરજી

સ્વીકારવા હકુમત નથી અગરતો તેમણે અરજી કોર્ટ ફી ભરવાના પ્રાથમિક મુદ્દા પર સાંભળવા માટે નામદાર કોર્ટને સુપ્રત કરવી જોઈએ એવો કોઈ હુકમ કરવામાં આવેલ નથી અને સીધી અરજી સ્વીકારી લેવામાં આવેલ છે તે એબ્યુસ પ્રોસેસ ઓફ લો છે એટલે પણ આ અરજી કાયદેસર ચાલી શકતી નથી અને રદ થવાને પાત્ર છે.

વધુમાં અરજદારની અરજીનો પેરાવાઈઝ ઈન્કાર કરી ખરી હકીકતમાં જણાવેલ છે કે, અરજદાર કામદારોએ સામાવાળાની સંસ્થામાં કદીપણ સામાવાળાના કામદાર તરીકે કામ કરેલ નથી કે સામાવાળાએ કદીપણ તેમની પાસે કામ કરાવેલ નથી એટલે સામાવાળા સાથે કદીપણ માલીક કે કામદાર તરીકેનો સંબંધ અસ્તિત્વમાં નહતો. અરજદારે પોતાની અરજીમાં બોનસના નાણાંની માંગણી કરેલ છે. બોનસએ કંમ્પલીટ કોડ છે તેવી માંગણી પેમેન્ટ ઓફ વેજીસ એકટ હેઠળ કરી શકાતી નથી કે તેવી માંગણી નામદાર કોર્ટ આપી શકે નહીં કે નકકી કરી શકે નહીં. પેમેન્ટ ઓફ વેજીસ એકટ હેઠળની અરજીમાં ફકત ડીલે વેજીસ કે બાકી પગારની માંગણી થઈ શકે પરંતુ તે માંગણી તેઓજ કરી શકે જે સામાવાળા સંસ્થાના કામદાર હોય. પરિશિષ્ટ મુજબના કામદારો સામાવાળાના કામદાર જ નહતા અને તેમનો આ અગાઉ આ અરજી કર્યા અગાઉ કોઈ પ્રીએકઝીસ્ટીંગ રાઈટ નકકી કરવામાં આવેલ નથી કે તેઓ સામાવાળાના કામદાર હતા કે તેમણે એવો કોઈપણ લેખિત પુરાવો રજુ કરેલ નથી કે તેઓ સામાવાળાના કામદાર છે માટે જયાં સુધી તેઓ સામાવાળાના કામદાર છે કે નહીં તે સાબિત થાય નહીં ત્યાં સુધી આ અરજી કાયદેસર ચાલી શકતી નથી. તેમ જણાવી અરજદારની અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

–: અરજદાર તરફે રજુ મૌખિક પુરાવો :–

ક્રમ	મૌખિક પુરાવાની વિગત	આંક/નિશાની
૧.	પરિશિષ્ટ–એ ના અનુક્રમ નં.પના અરજદાર કામદાર શ્રી મુન્ના રામભરોસે પાંડેનું એફીડેવીટ ઉપર સરતપાસનું સોગંદનામું.	આંક–૩૧
૨.	પરિશિષ્ટ–એ ના અનુક્રમ નં.રના અરજદાર કામદાર શ્રી	આંક–૩૨

	બ્રિજેશ શિવઅઢાર શુકલાનું એફીડેવીટ ઉપર સરતપાસનું સોગંદનામું.	

–: અરજદાર તરફે રજુ દસ્તાવેજી પુરાવો :–

ક્રમ	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક/નિશાની
૧.	નામદાર લેબર કોર્ટ, સુરતે ટી.અરજી નં.૯૩૬/૨૦૦૭ ના કેસમાં હુકમ ફરમાવેલ, તે હુકમ વિરુધ્ધ શ્રી સંદીપ મહેન્દ્રસિંગ રાજપુતએ ઔધ્યોગિક અદાલત, સુરતમાં પરચુરણ(આઈ.સી.) નં.૨૬/૨૦૦૫ દાખલ કરેલ તેની નકલ તથા અપીલની નકલ તથા લેબર કોર્ટના હુકમની નકલ, તા.૧૧/૪/૨૦૨૫	નિ.૬૨/૧
૨.	નામદાર લેબર કોર્ટ, સુરતે ટી.અરજી નં.૯૩૫/૨૦૦૭ ના કેસમાં હુકમ ફરમાવેલ, તે હુકમ વિરુધ્ધ શ્રી સંદીપ મહેન્દ્રસિંગ રાજપુતએ ઔધ્યોગિક અદાલત, સુરતમાં પરચુરણ(આઈ.સી.) નં.૨૭/૨૦૦૫ દાખલ કરેલ તેની નકલ તથા અપીલની નકલ તથા લેબર કોર્ટના હુકમની નકલ, તા.૧૧/૪/૨૦૨૫	નિ.૬૨/૨

(૪) આ કામે પરિશિષ્ટ–એ મુજબના અનુક્રમ નં. ૫ અને ૨ ના અરજદાર કામદારોનું આંક–૩૧ અને આંક–૩૨ થી તા.૨૮/૧૧/૨૦૧૭ના રોજ એફીડેવીટ ઉપર સરતપાસનું સોગંદનામું રજુ થયા બાદ અરજદાર કામદારો ઉલટતપાસ માટે ઘણા લાંબા સમયથી હાજર રહેતા ન હોઈ સામાવાળા તરફે આંક–૩૧, ૩૨ થી રજુ થયેલ અરજદારનો પુરાવો રેકર્ડ પરથી દુર કરવા આંક–૬૦ થી તા.૨૫/૦૪/૨૦૨૫ના રોજ અરજી આપતા જે અરજી સુનાવણી માટે રાખવામાં આવેલ અને અરજદાર કામદારોને ઉલટતપાસ માટે હાજર રહેવા પુરતી તક આપવા છતાં અરજદાર કામદારો ઉલટતપાસ માટે હાજર રહેતા ન હોઈ તા.૧૭/૦૨/૨૦૨૬ નારોજ અરજી લગત હુકમ કરી આંક–૩૧,૩૨ થી રજુ થયેલ અરજદાર કામદારોની પુરાવા

એફીડેવીટ ડીસ્કાર્ડ કરવામાં આવેલ છે અને અરજદારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) આ કામે સામાવાળા તરફે કોઈ મૌખિક પુરાવો રજુ થયેલ નથી. આ કામે સામાવાળા તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

–: સામાવાળા તરફે રજુ દસ્તાવેજી પુરાવો :–

ક્રમ	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક/નિશાની
૧.	પગાર પત્રક એપ્રિલ–૨૦૦૭ થી માર્ચ–૨૦૦૮	નિ.૨૧/૧
૨.	પગાર પત્રક એપ્રિલ–૨૦૦૬ થી ઓકટોબર–૨૦૦૬	નિ.૨૧/૨
૩.	પગાર પત્રક ડીસેમ્બર–૨૦૦૬ થી માર્ચ–૨૦૦૭	નિ.૨૧/૩
૪.	ફોર્મ ૬ રીવાઈઝ માર્ચ–૨૦૦૬ થી ફેબ્રુઆરી–૨૦૦૬	નિ.૨૧/૪
૫.	ફોર્મ ૬ રીવાઈઝ માર્ચ–૨૦૦૫ થી ફેબ્રુઆરી–૨૦૦૬	નિ.૨૧/૫
૬.	ફોર્મ ૬ રીવાઈઝ માર્ચ–૨૦૦૪ થી ફેબ્રુઆરી–૨૦૦૫	નિ.૨૧/૬
૭.	ઈ.એસ.આઈ. ફોર્મ ૬ ઓકટોબર–૨૦૦૬ થી માર્ચ–૨૦૦૭	નિ.૨૧/૭
૮.	ઈ.એસ.આઈ. ફોર્મ ૬ ઓકટોબર–૨૦૦૫ થી માર્ચ–૨૦૦૬	નિ.૨૧/૮
૯.	ઈ.એસ.આઈ. ફોર્મ ૬ એપ્રિલ–૨૦૦૬ થી સપ્ટેમ્બર–૨૦૦૬	નિ.૨૧/૯
૧૦.	ઈ.એસ.આઈ. ફોર્મ ૫ ઓકટોબર–૨૦૦૭ થી માર્ચ–૨૦૦૮	નિ.૨૧/૧૦
૧૧.	ઈ.એસ.આઈ. ફોર્મ ૭ એપ્રિલ–૨૦૦૭ થી સપ્ટેમ્બર–૨૦૦૭	નિ.૨૧/૧૧
૧૨.	ઈ.એસ.આઈ. ફોર્મ ૭ ઓકટોબર–૨૦૦૬ થી માર્ચ–૨૦૦૭	નિ.૨૧/૧૨
૧૩.	ઈ.એસ.આઈ. ફોર્મ ૭ એપ્રિલ–૨૦૦૬ થી સપ્ટેમ્બર–૨૦૦૬	નિ.૨૧/૧૩
૩.	નામદાર લેબર કોર્ટે ટી.અરજી નં.૯૩૫/૦૭ ના કામે પસાર કરેલ હુકમની ઈ–કોર્ટની વેબસાઈડ પરથી મેળવેલ નકલ, તા.૨૭/૦૨/૨૦૨૫	નિ.૮૪/૧
૪.	નામદાર લેબર કોર્ટે ટી.અરજી નં.૯૩૬/૦૭ ના કામે પસાર કરેલ હુકમની ઈ–કોર્ટની વેબસાઈડ પરથી મેળવેલ નકલ, તા.૨૭/૦૨/૨૦૨૫	નિ.૮૪/૨
૫.	નામદાર લેબર કોર્ટે ટી.અરજી નં.૯૩૯/૦૭ ના કામે પસાર કરેલ હુકમની ઈ–કોર્ટની વેબસાઈડ પરથી મેળવેલ	નિ.૮૪/૩

	નકલ, તા.૨૭/૦૨/૨૦૨૫	

(૬) આ કામે સામાવાળા તરફે આંક–૭૨ થી કલોઝીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

(૭) આ કામે અરજદાર તરફે દલીલ કરતા ન હોઈ અરજદારનો દલીલનો હકક બંધ કરવા સમાવાળા તરફે આંક–૭૩ થી અરજી આપતા જે અરજી લગત હુકમ કરી અરજદારનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) આ કામે સામાવાળા તરફે વિ.વ.શ્રીનાઓએ તેઓના લેખિત જવાબ મુજબની દલીલો કરી અરજદારની અરજી ખર્ચ સહીત રદ કરવા રજુઆત કરેલ છે.

(૯) આ કામે રેકર્ડ ઉપરની હકીકત ઘ્યાને લેતાં આ અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

:: મુદૃાઓ ::

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ સામાવાળા પાસેથી આંક–૧ની અરજી સાથેના પરિશિષ્ટ–એ માં જણાવ્યા મુજબના કામદારોની પરિશિષ્ટ–એ માં જણાવ્યા મુજબની લેણી રકમ મેળવવા હકકદાર થાય છે ?

૨. શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદૃાઓના મારા જવાબ નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

: : કારણો : :

(૧૧) <u>મુદૃા નં.૧</u> :–

આ કામે મુદૃા નં.૧ પરત્વે જોવામાં આવે તો અરજદારે અરજીમાં પરિશિષ્ટ–એ મુજબના કામદારો સામાવાળાની સંસ્થામાં પરિશિષ્ટ મુજબના વર્ષો, હોદૃા અને પગારથી કરતા આવેલા હોવાનું તેમજ તેમજ સામાવાળા પાસેથી પરિશિષ્ટ મુજબના કામદારોના બાકી નીકળતા લેણાંની રકમ વિગેરે જેવી કે નોકરીમાંથી કાઢી મુકયા તારીખી સુધીનો બાકી પગાર, હકકરજાના નાણાં, બોનસના નાણાં, કેઝયુઅલ રજાના નાણાં, સીકલીવના નાણાં, જાહેર તહેવારી રજાના નાણાં, ઓવર ટાઈમના નાણાં વિગેરે પરિશિષ્ટમાં જણાવેલ

તમામ નાણાં કામદારો પરિશિષ્ટ મુજબનાઓ સામાવાળા પાસે કાયદેસર લેવા હકકદાર છે જેની અવરનવર માંગણી કરવા છતાં પરિશિષ્ટ મુજબના કામદારોને સામાવાળાએ આજદીન સુધી ચુકવી આપેલ નહીં હોવાનું તેમજ સામાવાળા તથા પરિશિષ્ટના કામદારો વચ્ચે માલિક-કામદારોનો સંબંધ હોવાનું તેમજ સામાવાળાએ પરિશિષ્ટના કામદારોને પરિશિષ્ટમાં જણાવેલ તારીખે મૌખિક હુકમથી નોકરીમાંથી કાઢી મુકેલ હોવાનું જણાવેલ છે.

જયારે આ કામે સામાવાળા તરફે એવો મુખ્યત્વે એવો બચાવ લીધેલ છે કે, ''અરજદાર કામદારોએ સામાવાળાની સંસ્થામાં કદીપણ સામાવાળાના કામદાર તરીકે કામ કરેલ નહીં હોવાનું તેમજ સામાવાળાએ કદીપણ અરજદારો પાસે કામ કરાવેલ નહીં હોવાનું તેમજ અરજદારોનો સામાવાળા સાથે કદીપણ માલીક કે કામદાર તરીકેનો સંબંધ અસ્તિત્વમાં નહતો હોવાનું તેમજ પેમેન્ટ ઓફ વેજીસ એકટ હેઠળની અરજીમાં ફકત ડીલે વેજીસ કે બાકી પગારની માંગણી થઈ શકે પરંતુ તે માંગણી તેઓજ કરી શકે જે સામાવાળા સંસ્થાના કામદાર હોય. પરિશિષ્ટ મુજબના કામદારો સામાવાળાના કામદાર જ નહતા અને તેમનો આ અગાઉ આ અરજી કર્યા અગાઉ કોઈ પ્રીએકઝીસ્ટીંગ રાઈટ નકકી કરવામાં આવેલ નથી કે તેઓ સામાવાળાના કામદાર હતા કે તેમણે એવો કોઈપણ લેખિત પુરાવો રજુ કરેલ નથી કે તેઓ સામાવાળાના કામદાર છે માટે જયાં સુધી તેઓ સામાવાળાના કામદાર છે કે નહીં તે સાબિત થાય નહીં ત્યાં સુધી આ અરજી કાયદેસર ચાલી શકતી નથી.''

(૧૨) આ કામે ઉપરોકત બંને પક્ષકારોની તકરાર ધ્યાને લઈ જોવામાં આવે તો આ કામે અરજદારે પરિશિષ્ટ-એ મુજબના કુલ-૧૮ કામદારો વતી હાલની અરજી કરેલ છે. આ કામે પરિશિષ્ટ-એ મુજબના અનુક્રમ નં.૧,૩,૪ તેમજ અનુક્રમ નં.૬ થી ૧૮ ના કામદારો હાજર રહેલ નથી અને કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે પરિશિષ્ટ-એ મુજબના અનુક્રમ નં.૨ અને ૫ ના કામદારોએ અનુક્રમે આંક-૩૧ અને આંક-૩૨ થી એફીડેવીટ ઉપર જુબાની રજુ કરેલ છે, પરંતુ આંક-૩૧ અને આંક-૩૨ની એફીડેવીટ ઉપર જુબાની તા.૨૮/૧૧/૨૦૧૮ ના રોજ રજુ કર્યા બાદ કામદારો હાજર રહેતા ન હોઈ સામાવાળા તરફે આંક-૬૦ થી તા.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ અરજદારનો આંક-૩૧ અને આંક-૩૨ થી રજુ થયેલ પુરાવો ડીસ્કાર્ડ કરવા અરજી આપતા જે અરજી સુનાવણી માટે રાખવામાં આવેલ અને કામદારોને

ઉલટતપાસ માટે હાજર રહેવા પુરતી તક આપ્યા બાદ આંક–૬૦ની અરજી લગત તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ હુકમ કરી સદર કામના અરજદારો હાજર રહેતા ન હોઈ આંક–૩૧ અને આંક–૩૨ ની કામદારોની પુરાવા એફીડેવીટ ડીસ્કાર્ડ કરવાનો અને અરજદારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં અરજદાર તરફે રજુ થયેલ કામદારોની આંક–૩૧ અને આંક–૩૨ ની જુબાની ડીસ્કાર્ડ થયેલ હોઈ તેનું પુરાવાકીય મુલ્યાંકન કરી શકાય નહીં અને પુરાવા તરીકે ગ્રાહય રાખી શકાય નહીં.

(૧૨/૧) આમ, ઉપરોકત હકીકત ઘ્યાને લેતાં અરજદારે તેઓની અરજીમાં જણાવેલ હકીકત પુરવાર કરવા તેમજ સામાવાળા તરફે લેખિત જવાબમાં લીધેલ બચાવની હકીકતોનું ખંડન કરવા માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ આંક–૩૧ અને આંક–૩૨ ના કામદારોની જુબાની ડીસ્કાર્ડ થયા બાદ અને અરજદારનો પુરાવાનો હકક બંધ થયા બાદ અરજદાર તરફે તેઓનો પુરાવાનો હકક રીઓપન કરાવી પુરાવો રજુ કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. હાલની અરજી અરજદારે પેમેન્ટ ઓફ વેજીસ એકટની જોગવાઈઓ મુજબ કમલ–૧૫ હેઠળ કરેલ જેમાં પેમેન્ટ ઓફ વેજીસ એકટમાં ઓથોરીટીને ખુબ જ સીમીત અને મર્યાદિત સત્તાઓ આપવામાં આવેલ છે. જયારે પક્ષકારો વચ્ચે માલિક–કામદારના સંબંધ બાબતે તકરાર રહેલ હોય ત્યારે પેમેન્ટ ઓફ વેજીસ એકટની કલમ–૧૫ મુજબની અરજીના કામે તેવી તકરારનો ન્યાય નિર્ણય થઈ શકે નહીં. આ કામે અરજદારે સામાવાળા અને પરિશિષ્ટ મુજબના કામદારો વચ્ચે માલિક–કામદારોના સંબંધ હોવા બાબતેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે સામાવાળા તરફે આંક–૨૧ના દસ્તાવેજી લીસ્ટથી નિ.૨૧/૧ થી એપ્રિલ–૨૦૦૭ થી માર્ચ–૨૦૦૮ સુધીના તેમજ નિ.૨૧/૨ થી એપ્રિલ–૨૦૦૬ થી ઓકટોબર–૨૦૦૬ સુધીના તેમજ નિ.૨૧/૩ થી ડીસેમ્બર–૨૦૦૬ થી માર્ચ–૨૦૦૭ સુધીના અસલ પગારપત્રકો રજુ કરેલ છે જેમાં આ અરજી સાથેના પરિશિષ્ટ–એ માં જણાવેલ એક પણ કામદારનું નામ નથી. વધુમાં આ તબકકે **નામદાર સુપ્રીમ કોર્ટ** સમક્ષનો **પેમેન્ટ ઓફ વેજીસ ઈન્સ્પેકટર વિરુઘ્ધ સુરજમલ મહેતા, એ.આઈ.આર.૧૯૬૯–એસ.સી.–૫૯૦** નો ચુકાદો ઘ્યાને લેવો જરૂરી જણાય છે જે ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, કલમ ૧૫(૨) હેઠળ ની ઓથોરીટીને માત્ર બે પ્રકારના કેસમાં માત્ર હકુમત પ્રાપ્ત થાય છે. એટલે કે પગાર ધારાની

કલમ ૭ થી ૧૩ અન્વયે કરવામાં આવેલ ડીડકશન બાબતે અને કલમ–૪ તથા કલમ–૫ અન્વયે કરવામાં આવેલ જોગવાઈની બહાર જઈને વિલંબથી પગાર ચુકવેલ હોય તો તે બાબતે હકુમત પ્રાપ્ત થાય છે. તેમજ **નામદાર અલ્હાબાદ હાઈકોર્ટ** સમક્ષનો **ડી.સી.એમ.લી. વિરુધ્ધ પ્રિસ્ક્રાઈબ ઓથોરીટી (પેમેન્ટ ઓફ વેજીસ એકટ), મેરઠ, ૧૯૯૭(૧)– સી.એલ.આર.–૩૭૦** નો ધ્યાને લેવો જરૂરી જણાય છે જે ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, નોકર–માલીકના સંબંધ અંગેનો પ્રશ્ન આનુસાંગીક પ્રશ્ન નથી અને તે માટે ઉંડાણપૂર્વકની ઈન્કવાયરી જરૂરી બને છે. જેથી કલમ–૧૫ ની જોગવાઈ હેઠળ તેનો નિર્ણય થઈ શકે નહીં. ત્યારે હાલની કાર્યવાહીમાં અરજદારે પરિશિષ્ટ–એ મુજબના કામદારો અને સામાવાળા વચ્ચે સીધેસીધો કામદાર–માલીકનો સંબંધ છે કે કેમ? તેનો ન્યાય નિર્ણય કરવાની અત્રેની ઓથોરીટીને સત્તા પ્રાપ્ત થતી નથી. તે સંજોગોમાં અરજદાર પરિશિષ્ટ–એ મુજબના કામદારો અને સામાવાળા વચ્ચે કામદાર–માલિકનો સંબંધ હોવાનું પુરવાર કરી શકેલ નથી.

(૧૨/૨) આ કામે અરજદાર તરફે અરજી સાથે રજુ થયેલ પરિશિષ્ટ–એ માં હકકરજાના નાણાં, બોનસના નાણાં, કેઝયુઈલ રજા નાણાં, સીક લીવના નાણાં, જાહેર તહેવારી રજાના નાણાં, ઓવર ટાઈમના નાણાં ની જે માંગણી કરેલ છે તે જોતાં જે ૧૦ થી ૨૦ વર્ષના માંગેલા છે. આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના અનેક ચુકાદાથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ જો વિલંબ અંગેનો કોઈ ખુલાસો રેકર્ડ ઉપર ન હોય તો, ડીલે લેચીઝ અને એકવેઝીયન્શના સિધ્ધાંત મુજબ આવી રકમો મેળવવા હકકદાર થતા નથી. વધુમાં આ તમામ માંગણીઓ બાબતે અરજીમાં જેવી કે, હકક રજાના નિયમો શું હતા તેમજ દર વર્ષ કેટલી રજા મળવાપાત્ર થતી હતી તેમજ કેટલી હકક રજાઓ ભોગવેલી તેમજ કેટલી રજા સુધીના નાણાંનુ રોકડમાં રૂપાંતર થઈ શકતું હતું તેમજ ઓવર ટાઈમ કયા વર્ષમાં, કયા મહિનામા કેટલો કરેલો તેમજ અન્ય રજાઓમાં કયા વર્ષમાં, કયા મહિનામાં, કેટલા દિવસ કામગીરી કરેલી તેવી કોઈ જ વિગત કે સ્પષ્ટ હકીકતો જણાવેલ નથી. તે સંજોગમાં આવી અસ્પષ્ટ અને અસંગ્ધિત વિગતોવાળી માંગણીઓ મંજુર થઈ શકતી નથી.

આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદાર કામદારો તેઓની અરજીની હકીકતો તેમજ અરજી સાથેના પરિશિષ્ટ–એ માં જણાવેલ રકમ રૂા.૬૨,૬૧,૪૬૦/–

સામાવાળા પાસેથી મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ અરજદાર કામદારો અરજીમાં માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર થતાં નથી. જેથી **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **આખરી હુકમ** //

૧. અરજદારની હાલની પે.વે.અરજી નં.૫૮૩/૨૦૦૭ આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૩૦ મી, માહે–માર્ચ સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૩/૨૦૨૬
સ્થળ : સુરત.

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ,
મજુર અદાલત નં.૩, સુરત.
Code No.GJ01285